સુરતમાં પાણીજન્ય રોગચાળાનો વાવર, ડિંડોલીના શ્રમજીવી યુવાનનું ડેંગ્યુમાં મોત

સુરત, તા.18

વરસાદી માહોલ વચ્ચે વકરતાં પાણી અને મચ્છરજન્ય રોગચાળાએ વધી રહ્યા છે. ડીંડોલી ખાતે શ્રમજીવી અજગરી ભરડો લીધો હોય તેમ યુવકનું ડેન્ગ્યુની અસર બાદ મોત મલેરિયા, તાવ અને ડેન્ગ્યુના કેસો નીપજ્યું હતું.

ડિંડોલી સ્થિત નવી બંધાતી સેફોન સ્કાય બિલ્ડિંગ નજીક ઝૂંપડામાં રહેતા અને સેન્ટીંગ કામ કરતા યુપીવાસી સોનુ બેચુ ભારતી(ઉ.વ.32)ને છેલ્લાં બે-ત્રણ દિવસથી તાવ આવતો હોવાથી મિત્ર નજીકના દવાખાનામાં સારવાર અર્થે લઈ ગયો હતો. જ્યાં ખાટલા ફાળવ્યા બાદ તેને ઘરે લવાયો હતો. સોમવારે રાત્રે અચાનક તબિયત લથડતાં તે બેભાન થઈ ગયો હતો. પરિવારે તેને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક તપાસમાં ડેન્ગ્યુની અસરથી મોત થયું હોવાનું બહાર આવ્યું છે. હાલ શહેરમાં ઝાડા-ઉલટી, તાવ અને શરદી-ઉધરસના દર્દીઓ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં ઉભરાઈ રહ્યા છે, ત્યારે આ ઘટનાથી વરસાદી રોગચાળા સામે તંત્રની કામગીરી પર સવાલો ઊભા થયા છે.

SBI

હોમ લોન સેન્ટર-૧ શાખા, બીજો માળ, સ્ટેટ બેંક ભવન, પાંજરાપોળની સામે, ઘોડદોડ રોડ, સુરત.
E-mail - sbi.10001@sbi.co.in; (M) 6359960900

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી અમો નીચે સહી કરનારા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, સુરત ના ધી સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અન્વયે નીમાયેલ સત્તાધીશ અધિકારી છીએ અને સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ (એન્ફોર્સમેન્ટ) ૨૦૦૨ ના કલમ ૧૩(૧૨) ના નિયમ 3 હેઠળ સાથે વાંચતા મળેલ સત્તા અન્વયે તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ શ્રીમતિ નિર્મલાબેન અશ્વિનભાઈ સખીયા (કરજદાર) ને ડિમાન્ડ નોટીસ પાઠવેલ હતી. આ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં ભરપાઈ કરી આપવા જણાવેલ. સદર નોટીસમાં દર્શાવેલી લોનની કુલ રકમ રૂા.૧૫,૦૯,૧૦૭.૯૪ (રૂપિયા પંદર લાખ નવ હજાર એકસો સાત અને ચોરાણુ પૈસા પુરા) જે તા.૧૦/૦૮/૨૦૨૬ ના રોજની બાકી, ઉપરાંત તા.૧૧/૦૮/૨૦૨૬ થી લાગુ વ્યાજ સહિત ભવિષ્યનું વ્યાજ અને આકસ્મિક ખર્ચા, કિંમતો વિગેરે.

કરજદારો સદરહુ રકમ ભરપાઈ કરવા નિષ્ફળ ગયેલ છે. તેથી કરજદારો/જામીનદારો તથા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે, નીચે સહિ કરનાર અધિકૃત અધિકારી દ્વારા ઉપરોકત કલમ ૮ સાથે વંચાયેલ કાયદાની કલમ ૧૩(૪) હેઠળ તેમને/તેણીને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે મુજબની મિલકતનો તારીખ ૧૯/૦૮/૨૦૨૬ ના રોજ સાંકેતિક કબજો સોપવામાં આવેલ છે.

આથી કરજદાર તથા જાહેર જનતાને જાહેર ચેતવણી આપવામાં આવે છે કે, નીચે દર્શાવેલ મિલકત માટે કોઈ વ્યવહાર કરવો નહીં. આમ છતાં તે અંગે કોઈ પણ વ્યવહાર કરવામાં આવશે તો તે નોટીસમાં જણાવ્યા મુજબ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, હોમ લોન સેન્ટર-૧, બીજો માળ, સ્ટેટ બેંક ભવન, પાંજરાપોળની સામે, ઘોડદોડ રોડ, સુરત. લોનની કુલ રકમ રૂા.૧૫,૦૯,૧૦૭.૯૪ (રૂપિયા પંદર લાખ નવ હજાર એકસો સાત અને ચોરાણુ પૈસા પુરા) જે તા.૧૦/૦૮/૨૦૨૬ ના રોજની બાકી, ઉપરાંત તા.૧૧/૦૮/૨૦૨૬ થી લાગુ વ્યાજ સહિત ભવિષ્યનું વ્યાજ અને આકસ્મિક ખર્ચા, કિંમતો વિગેરે સહિતની રકમની વસુલાતને આધિન રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન ૮ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

કૃપા કરીને નોંધ લેશો કે સરફેસી એકટ ૨૦૦૨ હેઠળ આપવામાં આવેલી ૨૧/૦૬/૨૦૨૬ની અગાઉની કબજાની નોટિસ પાછી ખેંચી લેવામાં આવી છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવર મિલકત ''ગોકુલધામ રેસીડેન્સી'', પ્લોટ નં. ૩૩૮(પ્લાન મુજબ), ઘર/પ્લોટ નં. ૩૩૧, રેવન્યુ સર્વે નં. ૩૫૦, ૩૬૦, ૩૬૦/૧બી, બ્લોક નં. ૨૮૪, નિલકંઠ રેસીડેન્સી ની બાજુમાં, રેલ્વે ક્રોસિંગ નજીક, ગામઃ તાંતીથૈયા, તાલુકોઃ પલસાણા, જિલ્લોઃ સુરત-૩૯૪૩૦૫. ઉત્તરેઃ પ્લોટ ૩૩૨, દક્ષિણેઃ પ્લોટ ૩૩૦, પૂર્વેઃ સોસાયટી રસ્તો, પશ્ચિમેઃ પ્લોટ ૨૯૮.

તારીખ : ૧૭/૦૮/૨૦૨૬ અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત ભારતીય સ્ટેટ બેંક (હોમ લોન સેન્ટર-૧), સુરત.

SBI

એસએમઈસીસી શાખા, ડી-૩૧૯-૩૨૩, ત્રીજો માળ, ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર, મજૂરા ગેટ સામે, રીંગરોડ, સુરત.
ઈમેલ : sbi.05020@sbi.co.in

કબજા નોટિસ

આથી અમો નીચે સહી કરનારા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ના ધી સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અન્વયે નીમાયેલ સત્તાધીશ અધિકારી છીએ અને સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ (એન્ફોર્સમેન્ટ) ૨૦૦૨ ના કલમ ૧૩(૨) ના નિયમ 3 હેઠળ સાથે વાંચતા મળેલ સત્તા અન્વયે તા.૦૩/૦૬/૨૦૨૬ ના રોજ કરજદાર મેસર્સ ડાયનેમીક ડીઝીટલ પ્રિન્ટસ (ભાગીદારોઃ શ્રી જૈમિન ચતુરભાઈ માંગરોલીયા અને શ્રી નિકુંજ ગોરધનભાઈ ઈટાલીયા) ને ડિમાન્ડ નોટીસ પાઠવેલ હતી. સદર નોટીસમાં દર્શાવેલી રકમ રૂા.૩૫,૧૫,૦૫૩/- (રૂપિયા પાત્રીસ લાખ પંદર હજાર તેપ્પન પુરા) અને વ્યાજ, લિગલ ચાર્જીસ, ખર્ચા વિગેરે સહિત આ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં ભરપાઈ કરી આપવા જણાવેલ.

કરજદાર સદરહુ રકમ ભરપાઈ કરવા નિષ્ફળ ગયેલ છે. તેથી કરજદાર/જામીનદાર તથા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે, કે અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ મિલ્કત ઉપરોકત કાયદાની કલમ ૧૩(૪) તથા સદરહુ કાયદાના નિયમ ૮ હેઠળ મળેલ સત્તા, અન્વયે તારીખ ૧૨/૦૮/૨૦૨૬ ના રોજ કબજો લીધેલ છે.

આથી કરજદાર / જામીનદાર તથા જાહેર જનતાને જાહેર ચેતવણી આપવામાં આવે છે કે, નીચે દર્શાવેલ મિલ્કત માટે કોઈ વ્યવહાર કરવો નહીં, આમ છતાં તે અંગે કોઈ પણ વ્યવહાર કરવામાં આવશે તો તે નોટીસમાં જણાવ્યા મુજબ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની બાકી લેણી રકમ રૂા.રૂા.૩૫,૧૫,૦૫૩/- અને તા.૦૨/૦૬/૨૦૨૬ થી લાગુ ભવિષ્યના વ્યાજ વિગેરે સહિતની રકમની સંપૂર્ણ ભરપાઈ ન થાય ત્યાં સુધીની બાકી રકમની વસુલાતને આધિન રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન ૮ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

અસ્થાયી મિલકતનું વર્ણન

પ્લાન્ટ અને મશીનરી સુબલી ગેન્ડ ૧૨ હેડસ પ કલર્સ. શ્રી જૈમિન ચતુરભાઈ માંગરોલીયા અને શ્રી નિકુંજ ગોરધનભાઈ ઈટાલીયા.

તારીખ : ૧૨/૦૮/૨૦૨૬ અધિકૃત અધિકારી,
સ્થળ :સુરત ભારતીય સ્ટેટ બેંક, એસએમઈસીસી (૦૫૦૨૦), સુરત.

સુરત ગ્રીન હેવન ઈન્ડિયાના ભાગીદારોએ અંકલેશ્વરના અડાદરા ગામે બોગસ પ્લોટિંગ પાડી છેતરપિંડી આચરી

ઉધના ખાતે ઓફિસ ધરાવતા ભાગીદારોએ ટાયટલ ક્લિયર ન હોવા છતા પ્લોટીંગ કર્યુ હતુઃ કેતન પટેલ, અમિત પટેલ, ભુપેન્દ્ર પટેલ, જીજ્ઞા અમીન, ઉમેશ પટેલ, ચેતના પટેલ અને કલ્પેશ બારોટ સામે ફરિયાદ

સુરત, તા.18

ઉધના મેઈન રોડ ખાતે આવેલ ગ્રીન હેવન ઈન્ડિયા ડેવલોપર નામની ઓફિસના ભાગીદારોએ અંકલેશ્વરના અડાદરા ગામે ટાઈટલ ક્લિયર ન હોવા છતાં પ્લોટિંગ પાડી અનેક લોકો સાથે છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવી હતી.

કામરેજના કઠોર ગામે, દિવ્ય લોક રેસીડેન્સીમાં રહેતા અશ્વિન ખોડા નાવડીયાએ ઉધના પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી જેમાં તેઓએ જણાવ્યું હતું કે ઉધના મેઈન રોડ સ્થિત દીપરેખા કોમ્પ્લેક્ષમાં ગ્રીન હેવ ઈન્ડિયા ડેવલોપર નામથી ઓફિસ ધરાવતા ભાગીદારોએ અંકલેશ્વરના અડાદરા ગામે પ્લોટિંગ પાડી વર્ષ ૨૦૧૧થી ૨૦૧૪ દરમિયાન અશ્વિન નાવડિયા સહિતના લોકો પાસેથી પ્લોટદીઠ રૂ. ૩.40 લાખ હપ્તા સિસ્ટમથી ઉઘરાવ્યા હતા. તેઓને કબ્જા રસીદ અને એગ્રીમેન્ટ બનાવી આપ્યા બાદ પણ પ્લોટનો કબ્જો ન આપી, આ જમીન બારોબાર અન્ય વ્યક્તિને વેચી મારવામાં આવી હતી. અશ્વિન નાવડિયા સહિતના લોકોને પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનો ખ્યાલ આવતા ભાગીદારો કેતન અરવિંદ પટેલ (રહે,હીરાજાન હાઈટ્સ, વેસુ), અમિત અરવિંદ પટેલ (રહે, હીરાજાન હાઈટ્સ, વેસુ), ભુપેન્દ્ર ત્રીભુવનદાસ એપાર્ટ.,વરાછા), ચેતના પટેલ પટેલ (રહે. ખોડીયારનગર, (રહે. ખોડીયારનગર, કતારગામ) કતારગામ), જીજ્ઞા નગીન અમીન (રહે. મૈત્રી રો-હાઉસ, પાર્લે પોઈન્ટ), અને કલ્પેશ જયેન્દ્ર બારોટ (રહે. વિશાલનગર, અડાજણ) સામે ફરિયાદ ઉમેશ કેશવ પટેલ (રહે. કેદારધામ નોંધાવી હતી.

મહિધરપુરામાં નજીવા મુદ્દે પ્રજાપતિ દંપતી ઉપર પાડોશીનો હુમલો

સુરતઃ સુરતમાં ટીવીનો અવાજ ધીમો કરવા અને સિગરેટ પીવાની ના પાડતાં મહિલા અને તેના પતિ પર પડોશમાં રહેતા યુવકે ચપ્પુ વડે હુમલો કર્યો હોવાની ફરિયાદ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. મહિધરપુરા સ્થિત હીરા બજારની કુંભાર શેરીના સાઈદર્શન એપાર્ટમેન્ટના ત્રીજા માળે રહેતા ૩૭ વર્ષીય શોભના ઉર્ફે સોનાલી ધર્મેશ પ્રજાપતિના દીકરા યુગને અસ્થમાની બીમારી છે. બીજા માળે રહેતો મયુર ઈન્દ્રવદન જાદવ ઘરમાં મોંટેથી ટીવી ચલાવતો હતો અને સિગરેટ પીતો હતો, જેના ધુમાડાથી યુગને શ્વાસ લેવામાં અને ભણવામાં તકલીફ પડતી હતી. સોનાલી પ્રજાપતિ તેને સમજાવવા ગયા હતા. દરમિયાન મયુરે મનદુઃખ રાખી બદલાની ભાવનાથી સોનાલી પ્રજાપતિ પર ચપ્પુ વડે હુમલો કરી ભાગી છુટ્યો હતો આ મામલે ગઈકાલે મહિધરપુરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુરત પાંજરાપોળની નંદિની વેટરનીટી હોસ્પિ.માં દાખલ પાળતુ કૂતરી ગુમ થવાના કેસમાં વળતર ચૂકવવા આદેશ

૨૦૧૯માં ૧૫ વર્ષની જમકુડી નામની કૂતરીને ઈન્ફેક્શન હોવાથી ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરવામા આવી હતીઃ ગુમ જમકુડી ૨૬ દિવસ બાદ ઉધનામાંથી મળી આવી અને ગણતરીના દિવસોમાં મોતને ભેટી હતી

સુરત, તા.18

સુરતમાં વેટરનરી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયેલી પાલતુ કૂતરી ગુમ થઈ જવાના કિસ્સામાં જિલ્લા ગ્રાહક કોર્ટે હોસ્પિટલની ગંભીર બેદરકારી ઠેરવી મહિલા ગ્રાહકને વ્યાજ સાથે આર્થિક વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો.

ગોપીપુરા વિસ્તારમાં રહેતા જાગૃતિ ગોપાલ ઠક્કરે પોતાની ૧૫ વર્ષની પાલતુ કૂતરી 'જમકુડી'ને કાનમાં ઈન્ફેક્શન હોવાથી વર્ષ ૨૦૧૯મા ઘોડદોડ રોડ ખાતે સુરત પાંજરાપોળ ટ્રસ્ટ સંચાલિત નંદિની વેટરનરી હોસ્પિટલ ખાતે સારવાર માટે ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરી હતી. હોસ્પિટલે જમકુડી માટે જાગૃતિ ઠક્કર પાસેથી જરૂરી ફી અને ડિપોઝિટ પણ વસૂલ કરી હતી. દરમિયાન તા.૧૧.૧૨.૨૦૧૯ના રોજ સવારે હોસ્પિટલમાંથી જમકુડી ગુમ થઈ ગઈ હોવાની જાણ જાગૃતિ ઠક્કરને કરવામાં આવી હતી.

હોસ્પિટલની આવી ગંભીર ક્ષતિ અને બેદરકારી સામે જાગૃતિ ઠક્કરે ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને આશરે ૨૬ દિવસ બાદ પ્રયાસ સંસ્થાના પ્રયત્નોથી જમકુડી ઉધના વિસ્તારમાંથી મળી આવી હતી. જોકે, સતત રખડપાટ અને યોગ્ય કાળજીના અભાવે તેની તબિયત લથડતાં તેનું અવસાન થયું હતું.

આ મામલે જાગૃતિ ઠક્કરે એડવોકેટ શ્રેયસ દેસાઈ, પ્રાચી દેસાઈ અને ઈશાન દેસાઈ મારફતે સુરત જિલ્લા ગ્રાહક કમિશન સમક્ષ ફરિયાદ દાખલ કરી હતી. કમિશનના પ્રમુખ પી.પી.મેખીયા અને સભ્ય ડૉ. તીર્થેશ મહેતાએ ફરિયાદ ધ્યાને લેતાં ઠેરવ્યું હતુ કે હોસ્પિટલે પૈસા વસૂલ્યા પછી પ્રાણીની યોગ્ય સંભાળ ન રાખી સેવા ક્ષતિ દર્શાવી છે. કમિશને નંદિની વેટરનરી હોસ્પિટલ અને તેના ટ્રસ્ટીઓને જમકુડીને શોધવા કરેલ ખર્ચ રૂ. ૧૨,૯૦૦ ૮% વ્યાજ સાથે જાગૃતિ ઠક્કરને ચૂકવી આપવા આદેશ કર્યો હતો.

સુરત મહાનગરપાલિકા
ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ
FIT INDIA

:: જાહેર નોટીસ :-

ચાલુ વર્ષે ગણપતિ મહોત્સવની ઉજવણી સુરત શહેરમાં કરવામાં આવનાર હોય આ મહોત્સવ દરમ્યાન આવા મંડપ, પંડાલ કે ટેમ્પરરી સ્ટ્રકચરમાં વિપુલ પ્રમાણમાં જનમેદની આવતી હોય જેથી જાહેર જનતાની સલામતીને ધ્યાને લેતા સુરત શહેર ખાતેનાં આવા તમામ મંડપ, પંડાલ કે ટેમ્પરરી સ્ટ્રકચરમાં કોઈ જાનહાની ન થાય તે માટે આવા મંડપનાં સંચાલકો / ઓર્ગેનાઈઝર ધ્વારા પોતાનાં મંડપ, પંડાલ કે ટેમ્પરરી સ્ટ્રકચર પ્રિમાઈસીસમાં ફાયર સેફ્ટીની સલામતી માટે ૫૦૦ ચી.મી. કરતા વધુ ક્ષેત્રફળ ધરાવતા હોય અને અથવા ૦૯ મીટરથી વધુ હાઈટ ધરાવતા હોય અને અથવા ૫૦ વ્યકિતથી વધુ વ્યક્તિ એક સ્થળે ભેગા થતા હોય તેવા ગણપતિ મહોત્સવનાં મંડપ / પંડાલ / ટેમ્પરરી સ્ટ્રકચરનાં સંચાલકો / ઓર્ગેનાઈઝર ધ્વારા એક સાદા કાગળ ઉપર મંડપનાં જવાબદાર એવા બે વ્યકિતઓનાં નામ/સરનામા, કોન્ટેક નંબર તથા મંડપનું નામ / સરનામુ અને પોલીસ વિભાગ / સુરત મહાનગરપાલિકાનાં ઝોન ધ્વારા નોંધવામાં આવેલ /આપવામાં આવેલ સ્ટોલ/ રજીસ્ટેશન નંબર વિગેરેની માહીતી સહીત અરજી અને મંડપનો પ્લાન-૦૩ નકલમાં (જેમાં ફાયર ફાઈટીંગ સુવિધા અને ઈમરજન્સી એકઝીટ વિગેરે અચુક દર્શાવેલ હોય) સામેલ રાખીને સુરત ફાયર વિભાગની મુગલીસરા ખાતે આવેલ વહીવટી કચેરી ખાતે અરજી કરવાની રહેશે તથા સુચવ્યા મુજબની ફાયર ફાઈટીંગ સુવિધા અચુક ઉપલબ્ધ કરાવવાની રહેશે અરજદારની આવેલ અરજી અન્વયે જેતે ઝોનનાં ફાયર વિભાગનાં અધિકારી રૂબરૂ સ્થળ નીરીક્ષણ કરી જે કાંઈ સુધારો / વધારો કહે તે મુજબ કામગીરી કરયા બાદ મંડપનાં સંચાલકશ્રી ધ્વારા ગુજરાત સરકારશ્રીની વેબસાઈટ https://fscop.gujfiresafetycop.in ઉપર ફાયર એન.ઓ.સી. મેળવવા ઓનલાઈન એપ્લાય કરીને ઓનલાઈન ટેમ્પરરી સ્ટ્રકચરની ફાયર એન.ઓ. સી. મેળવી લેવાની રહેશે.

૫૦૦ ચી.મી. કરતા ઓછા ક્ષેત્રફળ ધરાવતા હોય અને અથવા ૦૯ મીટરથી ઓછી હાઈટ ધરાવતા હોય અને અથવા ૫૦ વ્યકિતથી ઓછી વ્યકિત એક સ્થળે ભેગા થતા હોય તેવા ગણપતિ મહોત્સવનાં મંડપ / પંડાલ / ટેમ્પરરી સ્ટ્રકચરનાં સંચાલકો / ઓર્ગોનાઈઝર ધ્વારા કોઈ ફાયર એન.ઓ.સી. લેવાની રહેશે નહી. પરંતુ નિયામુનસારની ફાયર સેફ્ટી સીસ્ટમ અચુક ઉપલબ્ધ કરાવવાની રહેશે. જેની સર્વોએ અચુક નોંધ લેવી.

ફાયર વિભાગ ધ્વારા આપવામાં આવેલ સુચનાઓ તથા ટેમ્પરરી સ્ટ્રકચર માટે ભારત સરકારશ્રીનાં તથા ગુજરાત સરકારશ્રીનાં આગ સલામતી માટેનાં નિયમોનું ચુસ્ત અમલ કરવાનાં રહેશે. ઉપરોકત સુચનાઓના અમલ થયેલ ન હોય અને સુચના પ્રમાણેનાં રસ્તાઓ ખુલ્લા રાખવામાં નહી આવ્યેથી તેમજ ફાયર એન્જીન જો અંદર મંડપ પેરાફેરીમાં પ્રવેશ કરી શકશે નહી અને કોઈ અઘટિત ઘટના કે બનાવ બનશે તો અને આગ અકસ્માત થશે તો તેની સંપુર્ણ જવાબદારી આવા મંડપનાં સંચાલક / આયોજક /ઓર્ગોનાઈઝર/ મેનેજરની વિગેરેની રહેશે જેની આ જાહેરાત મારફતે સંબધિત તમામે અચુક નોંધ લેવી.

નં.પી.આર.ઓ./૧૮૯/૨૦૨૬-૨૭ ડે. મ્યુ. કમિશ્નર
તારીખઃ-૧૮-૦૮-૨૦૨૬ સુરત મહાનગરપાલિકા

SMFG India Credit — Pragati Ki Nayi Pehchaan

એસએમએફજી ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમીટેડ
કોર્પોરેટ ઓફિસઃ ૧૦મા માળે,ઓફિસ નં. ૧૦૧, ૧૦૨ અને ૧૦૩, સેકન્ડ નોર્થ એવેન્યુ, મેકર મેક્ષીટી, બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા(પૂર્વ) મુંબઈ - ૪૦૦૦૫૧

ડીમાન્ડ નોટીસ

સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ , ૨૦૦૨ (એકટ) ના ખંડ ૧૩(૨)ની સાથે વંચાણે લેતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ,૨૦૦૨ (રૂલ્સ) અંતર્ગત

આથી નીચે સહી કરનાર એસએમએફજી ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમીટેડ (એસએમએફજીફ ઈન્ડિયા ક્રેડિટ) અધિકૃત અધિકારીએ સિકયુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના ખંડ ૧૩ (૧૨) અને સિકયુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૩ને વંચાણે લીધા બાદ મળેલા અધિકારો મુજબ નીચે જણાવેલા દેવાદાર/રો ને ડીમાન્ડ નોટીસ પાઠવી નોટીસમાં જણાવ્યા મુજબની બાકી રકમ વત્તા ત્યારબાદનું ચડત વ્યાજ,કિંમત,ખર્ચ સહિતની રકમ નોટીસ મળ્યાની તારીખથી દિવસ ૬૦મા ચુકવી દેવા જણાવવામાં આવ્યું હતું.
નીચે સહી કરનાર માને છે કે દેવાદાર(રો) ડીમાન્ડ નોટીસ સ્વીકારતા નથી જેથી વૈકલ્પીક સેવા તરીકે નિયમ મુજબ આ ડીમાન્ડ નોટીસ પ્રકાશિત કરવામાં આવે છે. જેમાં ડીમાન્ડ નોટીસની વિગતો છે.

દેવાદાર(રો)ના નામ	ડીમાન્ડ નોટીસની તા.અને કુલ બાકી રકમ
૧) સમીર ખગેશભાઈ શાહ ૨) શિતલ સમીર શાહ લોન ખાતા નં. ૨૧૨૫૨૦૬૧૧૧૫૩૫૪૫	તા.૧૦-૦૮-૨૦૨૬ રૂ.૨૫,૭૪,૨૧૪.૦૦ /- (રૂપિયા પચ્ચીસ લાખ ચુમ્મોતેર હજાર બસ્સો ચૌદ પુરા) તા.૦૪-૦૮-૨૦૨૬

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ખંડ અને અખંડિત ભાગની જમીન મોજે ગામ પાલ રે.સ.નં.૩૬૧+૪૧૬, બ્લોક નં.૩૪૩ કુલ ક્ષેત્રફળ'૮૮૨૨.૦૦ ચો.મી. અને બ્લોક નં.૨૮૩ પૈકી ૧/૩ ક્ષેત્રફળ ૫૫૬૫.૦૦ ચો.મી.ટીપી સ્કીમ નં.૧૪(પાલ) ,ફા.પ્લોટ નં.૧૩૨થ૧૩૩,૧૩૪ અને ૧૭૭ પૈકી ફા.પ્લોટ નં.૧૩૨ રેવન્યુ રેકોર્ડ મુજબ બ્લોક નં.૩૪૩,ક્ષેત્રફળ ૨૧૦૧.૦૦ ચો.મી. અને ફા.પ્લોટ નં.૧૩૨ ક્ષેત્રફળ ૧૬૦૦૬.૦૦ ચો.મી. રાજહંસ કેમ્પસ તરીકે જાણીતી પૈકી સન એપાર્ટમેન્ટ પૈકી ૮મા માળે ફલેટ નં.૮૦૨, સુપર બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ ૧૨૫૦.૦૦ ચો.ફૂટ,બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ ૭૩.૨૩ ચો.મી. અથવા ૭૮૮.૦૦ ચો.ફૂટની સાથે ૩૬.૨૩ ચો.મી. અવિભાજિત જમીનનો ભાગ,ટેનામેન્ટ નં.૯૨એ-૨૧-૨૬૭૧-૦-૦૦૧ રજિ.જિ.અને પેટા જિ.ચોર્યાસી,જિ.સુરત ચતુઃસીમાઃ પૂર્વે : રોડ, પશ્ચિમે : ફલેટ નં.૮૦૧, ઉત્તરેઃ રોડ, દક્ષિણેઃ પેસેજ

આથી દેવાદાર(રો) ને સૂચિત કરવામાં આવે છે કે ડિમાન્ડ નોટિસમાં જણાવેલી રકમ આ જાહેરાત પ્રકાશિત થયાના 60 દિવસમાં લાગુ પડતું વ્યાજ, વધારાનું વ્યાજ, બાઉન્સ ચાર્જ, કિંમત અને ખર્ચ પૂરી ચૂકવણી થાય ત્યાં સુધીની ચૂકવી દેવી. દેવાદારોએ નોંધ લેવી કે તેમણે એસએમએફજી ઈન્ડિયા ક્રેડિટ સુરક્ષિત ધિરાણકાર પાસેથી લોનસુવિધા લીધી હતી, જેની સામે સ્થાવર મિલકત/તો ગીરો મૂકી હતી. જો દેવાદારો સમયસર ચૂકવણી નહીં કરે તો એસએમએફજી ઈન્ડિયા ક્રેડિટ એકટ અને રુળ મુજબના આગળના પગલા લેવાની શરૂઆત કરશે. જેમાં એકટના ખંડ 13(4) હેઠળ સુરક્ષિત મિલકતનો કબજો લઈ શકશે. જેથી આ મિલકતનું કોઈપણ રીતે હસ્તાંતરણ કરવું નહીં. જો સમયસર ચૂકવણું ન થાય તો એસએમએફજી ઈન્ડિયા ક્રેડિટ મિલકતને કબજે/સીલ કરી શકશે. બાકી લેણાંની વસૂલાત માટે એસએમએફજી ઈન્ડિયા ક્રેડિટ કાનૂની પગલા પણ લેશે. જે એસએમએફજી ઈન્ડિયા ક્રેડિટ ને અન્ય કાયદા હેઠળની જોગવાઈ મુજબ હશે.
આથી દેવાદાર(રો)નું ધ્યાન એકટના ખંડ 13(8) તરફ દોરવામાં આવે છે, જે મુજબ તેઓ ગીરો મિલકત છોડાવી શકે છે. વધુમાં એકટનાં ખંડ 13(13) મુજબ દેવાદારો આ મિલકતનું કોઈપણ રીતે હસ્તાંતરણ, વેચાણ કે લીઝ દ્વારા એસએમએફજી ઈન્ડિયા ક્રેડિટ ની પરવાનગી વગર લઈ શકશે નહીં. જો તેનો ભંગ થશે તો કથિત એકટનાં ખંડ 29 મુજબ પગલા લેવાશે. ડિમાન્ડ નોટિસની નકલ નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે. દેવાદાર(રો) ચાહે તો નીચે સહી કરનારના કાર્યાલયમાંથી કામકાજના સમય દરમિયાન મેળવી શકશે.

સ્થળઃ સુરત, સહી/- અધિકૃત અધિકારી
તારીખઃ ૧૯.૦૮.૨૦૨૬ એસએમએફજી ઈન્ડિયા કંપની લિમિટેડ

ફોર્મ નં.૧૪ [જુઓ નિયમ 33(૨)]
રજિ.એડી/સ્પીડ પોસ્ટ, એફિક્સેસન દસ્તી
ડેબ્ટ રીકવરી ટ્રીબ્યુનલ નં.૨-મુંબઈ
ભારત સરકાર નાણાં મંત્રાલય
ત્રીજા માળે, એમટીએનએલ ભવન, સ્ટ્રાન્ડ રોડ, કોલાબા માર્કેટ, કોલાબા, મુંબઈ, ૪૦૦૦૦૫

ડિમાન્ડ નોટીસ

રીકવરી ઓફ ડેબ્ટસ એન્ડ બેંકરપ્સી એકટ , ૧૯૯૩ ના ખંડ ૨૫ થી ૨૮અને ઈન્કમટેક્ષ એકટ, ૧૯૬૧ના બીજા પરીશિષ્ટના રૂલ ૨ અંતર્ગતની નોટીસ

રીકવરી ઓફિસર ડેબ્ટ રીકવરી ટ્રીબ્યુનલ નં.૨ ઈએકસએય.નં.: ૪
રીકવરી પ્રોસેડીંગ નં. ૨૦૨૬ નો ૨૨૪ આગામી તારીખ: ૦૨.૦૯.૨૦૨૬

બેંક ઓફ ઈન્ડિયા પ્રમાણપત્ર ધારક
વિરૂધ્ધ
મે. નિમ્બસ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ અને અન્યો પ્રમાણપત્રીત દેવાદારો

પ્રતિ,
સીડી.૧. મે. નિમ્બસ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ, ઈન્ડિયન કંપનીઝ એકટ, ૧૯૫૬ હેઠળ રચાયેલી કંપની જેમનુ સરનામુ બી-વિંગ ૩૨૩, ઓર્કિડ રોડ મોલ, રોયલ પામસ, આરે મિલ્ક કોલોની, ગોરેગાંવ(પૂર્વ) મુંબઈ અને અહીં પણ : એ-૧૦૪, સાંઈબાબા ધામ કો-ઓપ.હાઉસિંગ સોસાયટી લિમીટેડ, સાંઈ બાબા નગર, બોરીવલી (પશ્ચિમ) મુંબઈ-૪૦૦૦૯૨
સીડી.૨. શ્રી નિમીષ ભીષ્મ ઠાકોર, બી-વિંગ ૩૨૩, ઓર્કિડ રોડ મોલ, રોયલ પામસ, આરે મિલ્ક કોલોની, ગોરેગાંવ(પૂર્વ)મુંબઈ અને અહીં પણ : એ-૧૦૪, સાંઈબાબા ધામ કો-ઓપ.હાઉસિંગ સો